# આકૃયુનાં વસો કેમ્પસ ખાતે ભૂતપૂર્વ વિધાર્થીઓનું પ્રથમ સંમેલન યોજાયું

તા. ૫/૮/૨૩ નાં રોજ આણંદ કૃષિ યુનીવર્સીટીનાં વસો ખાતે આવેલ બે કોલેજો કૃષિ મહાવિધાલય તથા કૃષિ પોલીટેકનીકનાં ભૂતપૂર્વ વિધાર્થીઓનું પ્રથમ સંમેલન આણંદ કૃષિ યુનીવર્સીટી ના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાનાં પ્રમુખસ્થાને યોજાઇ ગયું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી વિશાલ ભાદાણી, પ્રો વાઇસ ચાન્સેલર ,લોકભારતી યુનીવર્સીટી ફોર રૂરલ ઇનોવેશન, સણોસરા તથા ગેસ્ટ ઓફ ઓનર્સ તરીકે ડો. એમ.કે ઝાલા, સંશોધન નિયામકશ્રી અને ડીન પીજી, આકૃયુ, ડો. કે. પી. પટેલ, ફોર્મર ડીનશ્રી(કૃષિ), આકૃયુ, ડો.જી.આર.પટેલ, કુલસચિવશ્રી, આકૃયુ , શ્રી ચન્દ્રકાંતભાઇ પટેલ, એક્ષપોર્ટ –ઇમ્પોર્ટ એન્ત્રેપ્રન્યોર,વડોદરા એ હાજર રહી પ્રસંગ દિપાવેલ. આ ઉપરાંત, ડો.વાય એમ શુક્લા, ડીનશ્રી(કૃષિ.), આકૃયુ એ ખાસ પોલીટેકનિક ઇન એગ્રિકલ્ચર એન્ડ કોલેજ ઓફ એગ્રિકલ્ચર એલ્યુમની એસોસિએશનના પ્રમુખ તરીકે આ પ્રસંગે સતત હાજર રહી ભાગ લેનાર ને પ્રોત્સાહિત કરેલ. આ ઉપરાંત આ પ્રસંગે આકૃયુ ના વિવિધ ફેકલ્ટીના ડીનશ્રીઓ, વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ, ભૂતપૂર્વ ફેકલ્ટી મેમ્બેર્સ તથા હાલના ફેકલ્ટી મેમ્બેર્સ અને એલ્યુમની મેમ્બેર્સ આમંત્રણ ને માન આપી હાજર રહી પ્રસંગ શોભાવ્યો હતો.

આ સંમેલન બંને કોલેજોના રજીસ્ટર્ડ એસોસીએશન "કૃષિ ભૂતપૂર્વ વિધાર્થી ચેરીટેબલ ટ્રસ્ટ" એટલે કે પોલીટેકનિક ઇન એગ્રિકલ્ચર એન્ડ કોલેજ ઓફ એગ્રિકલ્ચર એલ્યુમની એસોસિએશન ( PACAAA) અને કૃષિ મહાવિધાલય–વ–કૃષિ પોલીટેક્નિક, આકૃયુ, વસો નાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ. આ સંમેલન માં કુલ ૧૯૯ ભૂતપૂર્વ વિધાર્થીઓએ કે જેઓ આ એસોસિયેશન ના સભ્યો છે તેઓએ ભાગ લીધો તથા આ સંમેલનમાં બંને કોલેજોના ૨૦ ભૂતપૂર્વ ફેકલ્ટી મેમ્બેર્સ તથા હાલની ફેકલ્ટી મેમ્બેર્સ કે જેઓ આ એસોશિએશનના સભ્યો છે તેઓએ પણ ભાગ લીધેલ.

સંમેલનનાં પ્રમુખ માનનીય ડો. કે. બી. કથીરિયાએ સંમેલન માં પોલીટેકનિક ઇન એગ્રિકલ્ચર એન્ડ કોલેજ ઓફ એગ્રિકલ્ચર એલ્યુમની એસોસિએશનને પ્રથમ સંમેલન ની શુભેચ્છા પાઠવેલ તથા જણાવેલ કે બે કોલેજો નું ભેગું એસોસિએશન આપણા દેશમાં કદાચ આ પ્રથમ હશે અને તેને માટે અભિનંદન પાઠવેલ. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી વિશાલ ભાદાણીએ " હુમન વેલ્યુઝ ઇન ડીજીટલ એજ" ઉપર પોતાનું વ્યક્તવ્ય આપેલ. તેઓએ આ ડીજીટલ યુગ માં યુવાનોએ કઈ રીતે પોતાનું જીવન ખુશહાલ રીતે જીવવું અને એક ખુશહાલ એલ્યુમની પોતાની કોલેજને કઈ રીતે ઉપયોગી થઇ શકે તે અંગે ખુબજ રસપ્રદ રીતે માહિતી આપેલ. જયારે નિષ્ણાત વકતા તરીકે શ્રી ચન્દ્રકાંતભાઇ પટેલ કે જેમણે "પ્રોસ્પેકટસ ઓફ એક્ષપોર્ટ એન્ડ ઇમ્પોર્ટ ઇન એગ્રીકલ્ચર" વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું. સંમેલનમાં પેનલ ડિસ્કસન "ચેલેન્જીસ એન્ડ અપોર્ચુંનીટીઝ ઈન એગ્રીકલ્ચર બીઝનેસ'' વિષય પર યોજાયેલ જેમાં શ્રી ડો. વાય.એ. લાડે એગ્રીકલ્ચરલ બીઝનેસ કેટલી વિવિધ રીતે શરુ કરી શકાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડેલ. ઉપરાંત, શ્રી પાર્થિક પટેલ, ભૂતપૂર્વ વિધાર્થી એ એગ્રીકલ્ચરલ બીઝનેસ માં પડતી વિવિધ મુશ્કેલીઓ તથા એગ્રીકલ્ચરલ બીઝનેસ માટે વિવિધ સરકારી યોજનાઓના લાભો વિષે જાણકારી પૂરી પડેલ. આ પેનલ ડિસ્કસનના વક્તાઓએ એગ્રીકલ્ચરલ બીઝનેસ માં

રહેલા પડકારો અને તકો અંગે વિસ્તારથી ચર્ચા કરેલ.આચાર્યશ્રી ડો.વી પી રામાણીએ એગ્રીકલ્ચરલ બીઝનેસમાં પડતી મુશ્કેલીઓ ને તક માં કઈ રીતે પરિવર્તિત કરવી તે વિષે વિસ્તૃત માહિતી આપી. કુલસચીવશ્રી ડો. જી આર.પટેલે  એગ્રીકલ્ચરલ બીઝનેસમાં એક્દમ જ આગળ નહિ વધવું પરંતુ એક પછી એક પગલાં લઇ કેવી રીતે આગળ વધવું તે વિષે જણાવ્યું.

આ કાર્યક્રમમાં કૃષિ ભૂતપૂર્વ વિધ્યાર્થી ચેરીટેબલ ટ્રસ્ટ એટલે કે પોલીટેકનિક ઈન એગ્રિકલ્ચર એન્ડ કોલેજ ઓફ એગ્રિકલ્ચર એલ્યુમની એસોસિએશન દ્વારા છેલ્લા બે વર્ષના પોલીટેકનિક ઈન એગ્રિકલ્ચરના “બેસ્ટ ટીચર અવાર્ડ”  અનુક્રમે ડો.ચિરાગ વર્મા અને ડો. પ્રતિક પંચાલ તથા કોલેજ ઓફ એગ્રિકલ્ચરના ડો.નીલેશ પવાર અને ડો. પ્રતિક પંચાલ ને મહાનુભાવોના હસ્તે એનાયત કરાયા. કાર્યક્રમમાં એલ્યુમની ડીરેકટરી “સંગાથ” નું પણ વિમોચન મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે કૃષિ ભૂતપૂર્વ વિધ્યાર્થી ચેરીટેબલ ટ્રસ્ટ એટલે કે પોલીટેકનિક ઈન એગ્રિકલ્ચર એન્ડ કોલેજ ઓફ એગ્રિકલ્ચર એલ્યુમની એસોસિએશન ની સાધારણ સભા પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ. આ કાર્યક્રમ દરમ્યાન બેચવાઈસ ફોટોગેલરી એક્સીબિશન અને સેલ્ફીપોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બનેલ.

આ સમગ્ર કાર્યક્રમ આણંદ કૃષિ યુનીવર્સીટી ના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાનાં માર્ગદર્શન હેઠળ યોજાઇ ગયો. જે કૃષિ મહાવિધાલય–વ–પોલીટેકનિક નાં સર્વે ફેકલ્ટી મેમ્બેર્સ અને સ્ટાફમિત્રો નાં ટીમ વર્કથી  સફળતાપૂર્વક પૂર્ણ થયેલ.

## **કાર્યક્રમ ની ઝાંખી**




1st CONVENTION
of
BHUTPURVA VIDYARTHI CHARITABLE TRUST"
POLYTECHNIC IN AGRICULTURE AND COLLEGE OF AGRICULTURE
Venue: Auditorium, AAU, Vaso


MILLETS
1st CONVENTION
of
"KRUSHI BHUTPURVA VIDYARTHI CHARITABLE TRUST"
(Polytechnic in Agriculture & College of Agriculture Alumni Association - PACAAA)
Organized by
KRUSHI BHUTPURVA VIDYARTHI CHARITABLE TRUST &
Venue: Auditorium, AAU, Vaso
Dr. G. R. Patel


MILLETS
1st CONVENTION
of
"KRUSHI BHUTPURVA VIDYARTHI CHARITABLE TRUST"
(Polytechnic in Agriculture & College of Agriculture Alumni Association - PACAAA)
Organized by
KRUSHI BHUTPURVA VIDYARTHI CHARITABLE TRUST &
POLYTECHNIC IN AGRICULTURE AND COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, VASO - 387 380
August, 2023
Venue: Auditorium, AAU, Vaso
COLLEGE OF AGRICULTURE & POLYTECHNIC IN AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, VASO


CONVENTION
"KRUSHI BHUTPURVA
CHARITABLE TRUST"
(Polytechnic in Agricultur
Agriculture Alumni Association - PACAAA)
KRUSHI
CHARITABLE TRUST &
POLYTECHNIC IN
AND COLLEGE OF AGRICULTURE
UNIVERSITY, VASO - 387 380
Date: 5th August, 2023
Venue:
AAU, Vaso

*******